## -: જાહેરનામું :-

**ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

નં.વિશા/એ સેકશન/પરમીટ/૧૯૫/૨૦૧૯
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ,અમદાવાદ શહેર.તા.૧૧/૧૦/૨૦૧૯

આગામી તા. ૨૨/૧૦/૨૦૧૯ ના રોજ અમદાવાદ મહાનગર પાલિકા બહેરામપુરા-૩૫ વોર્ડની પેટા ચુંટણી ૨૦૧૯ દરમ્યાન અમદાવાદ શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારના બહેરામપુરા-૩૫ વોર્ડના મતદારોને આદર્શ લોકશાહી પ્રણાલીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ કે, પિરસવાનું અટકાંવવું જરૂરી છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ અમદાવાદ મહાનગર પાલિકા બહેરામપુરા-૩૫ વોર્ડ પેટા ચુંટણી-૨૦૧૯ અન્વયે **તા.૨૦/૧૦/૨૦૧૯ ના કલાક ૧૭.૦૦ થી તા.૨૨/૧૦/૨૦૧૯ કલાક ૨૪.૦૦ સુધી તેમજ તા.૨૪/૧૦/૨૦૧૯ ના રોજ એટલે કે મતગણતરીના દિવસે કલાક ૦૦.૦૦ થી રાત કલાક ૨૪.૦૦ સુધી** દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ થતું હોય તેવા દુકાન/રેસ્ટોરન્ટ/કલબ કે અન્ય કોઈપણ સ્થળ બંધ રાખવા.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ કેદ અથવા દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધિ વર્તમાનપત્રો દ્વારા જાહેર જગ્યાએ ચોંટાડીને, લાઉડ સ્પીકર તેમજ આકાશવાણી અને દુરદર્શન દ્વારા કરવાની રહેશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના અમદાવાદ મહાનગર પાલિકા બહેરામપુરા-૩૫ વોર્ડ વિસ્તારને લાગું પડશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૧૧/૧૦/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.